ગુજરાત સરકાર

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર.

પરીપત્ર ક્રમાંક અનધ-૧૦૨૦૧૨-૯૩૪-લ

તા.૦૪-૦૬-૨૦૧૨

***આમુખ:***

રાજયમાં થયેલ અનઅધિકૃત વિકાસને નિયમબધ્ધ કરવા ''ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમબધ્ધ કરવા બાબત અધિનિયમ ૨૦૧૧'' સરકારશ્રીના તા.૧૮.૦૨.૨૦૧૨ના જાહેરનામાંથી તા.૨૦.૦૨.૨૦૧૨થી લાગુ કરવામાં આવેલ છે.

સદર અધિનિયમથી રાજયમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઇ હેઠળ રચાયેલ/મુકરર કરાયેલ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાં લાગુ થાય છે. તેમજ તા.૨૮.૦૩.૨૦૧૧ પહેલાના બંધાયેલ બીનઅધિકૃત બાંધકામોને આ કાયદા હેઠળ નિયમબધ્ધ કરી શકાય છે.

સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા કલમ (૧)(vii) મુજબ બીનઅધિકૃત બાંધકામોમાં સેનેટરી વ્યવસ્થાને નિયમબધ્ધ કરી શકાય છે. આ અધિનિયમ તળેના નિયમ-૭ મુજબ બીનઅધિકૃત બાંધકામોમાં સેનેટરી વ્યવસ્થાની ખામી જણાય તો ફોર્મ નં. સી-૨માં મુકરર સત્તાધિકારી જરૂરી નોટીસ આપશે અને આ નોટીસમાં જણાવ્યા મુજબ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં જરૂરી વ્યવસ્થા કરવાની રહે છે. આ વ્યવસ્થા સંતોષકારક રીતે થયેલ હોય તો તે બાંધકામ નિયમબધ્ધ થઇ શકે છે.

રાજયમાં આ જોગવાઇઓ હેઠળ સેનેટરી વ્યવસ્થા માટે નિર્ણયોમાં એકસુત્રતતા જળવાઇ તે જરૂરી છે. આ જોગવાઇ માટે બીનઅધિકૃત બાંધકામને નિયમબધ્ધ કરવા માટે નીચે મુજબની કાર્યવાહી પધ્ધતિ અનુસવારવા આ પરીપત્ર કરવામાં આવે છે.

***પરીપત્ર:-***

ગુજરાત બીનઅધિકૃત બાંધકામ નિયમબધ્ધ કરવા અંગેના અધિનિયમ-૨૦૧૧ની કલમ-૧૦(૧)(vii) અને નિયમ નં. ૭ની જોગવાઇઓ હેઠળ, જે કિસ્સામાં સેનેટરી ફેસીલીટીન વ્યવસ્થા કરવાની થાય તે અંગેના નીચે મુજબ ધોરણો અપનાવવાના રહેશે.

1. જે તે બાંધકામ એકમમાં જી.ડી.સી.આર. મુજબ કરવાની થતી સેનેટરી વ્યવસ્થા પૈકી ઓછામાં ઓછી ૫૦ ટકા વ્યવસ્થા કરવાની રહેશે. અને બાકીની વ્યવસ્થા માટે જેટલા ક્ષેત્રફળમાં આ વ્યવસ્થા કરવાની હોઇ, તે માટે જાહેર કરેલ ફીના ધોરણો મુજબ ફી ભરપાઇ કરવાની રહેશે.
2. ઉપરોકત (૧) માં દર્શાવ્યા મુજબ રાખવાની થતી સેનેટરી વ્યવસ્થા બાંધકામમાં કોઇપણ માળે રાખી શકાશે અને તેનો પ્રવેશ એવી રીતે રાખવો કે તેનો સાર્વજનીક રીતે ઉપયોગ થઇ શકે.